

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




ગૂંલાટો ને પલ્ટાથી સદા ઉંચકાય છે પવાર!
મૂલ્ય રહ્યું નથી છતાં પણ વેંચાય છે પવાર!
સિંચાય છે ભૂમિ, ક્રિકેટ, કાળા બજારીયાઓથી -
'પાવર' તરફ જ હંમેશાં ખેંચાય છે પવાર!




ફાટ્યું વાદળ!
વિજય બહુગુણા -
તણાયા પૂરે..

થ્યું મેલું ખૂદ
સત્તાની ગંદકીમાં -
'આપ'નું ઝાડુ..

## ચિંતન

*ઉત્તમ કલેશ વિક્ષોભં ક્ષમઃ સોઢું ન હીતરઃ ।*
*મણિરેવ મહાશાણઘર્ષણં ન તું મૃત્કણઃ ॥*

'ઉત્તમ પ્રકારના મનુષ્યો જ દુઃખ સહન કરવા માટે શક્તિમાન હોય છે, બીજા નહીં. મણિ જ મોટી સરાણ પર ચઢી તેનું ઘર્ષણ સહન કરવા શક્તિમાન હોય છે - માટીનું ઢેફું નહીં.'

જે પોતાના કર્તવ્યો નિષ્ઠાપૂર્વક બજાવે છે તેમનો દુષ્ટો અને ખોટું કરવાવાળા વિરોધ કરે છે. અને તેમના સત્યપંથમાં કાંટા-કાંકરા બિછાવી અવરોધ ઉભા કરે છે, પરંતુ સિદ્ધાંત નિષ્ઠ અને કર્તવ્ય પરાયણ લોકો પોતાના નિયમના અમલીકરણ કે સત્યાચરણમાં જરા પણ બાંધછોડ કરતા નથી અને સત્ય લક્ષ્ય-ધ્યેયને ચૂસ્તપણે વળગી રહે છે. આવા સત્ય માણસોને જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હા જી હા કરનારાને કોઇ જ તકલીફ થતી થતી.

વળી દુષ્ટ જનોને આવી મુશ્કેલી કે માર્ગમાં રૂકાવટ કરતી આપત્તિઓ આવે તો એવા એ અધીર-નબળા લોકો એનો સામનો પણ કરી શકતા નથી. મનથી જ ભાંગીને ભૂકો થઇ જાય છે.

અહીં કર્તવ્યને સાચા હીરા મણિ સાથે સરખાવી 'સરાણ' નું ઘર્ષણ સહન કરી શકનાર કહ્યા છે. જયારે ચલતા પૂરજા જેવા લોકોને માટીના ઢેફાં સાથે સરખાવ્યાં છે જે સામાન્ય ઘર્ષણમાં પણ ચૂરચૂર થઇ જાય છે.

## સુવિચાર

- તમે તમારી જાતને મહાન માનતા હોય તો તેનું પ્રદર્શન કરવાની ભૂલ ન કરતા- ***અરબી કહેવત***
- જે મનને બહેકાવે તે જ્ઞાન નથી, જે મનને શાંતિ અને સ્થિરતા બક્ષે એ જ જ્ઞાન ***- એસ. ભટ્ટાચાર્ય***
- રડવું હોય તો.. ખભો તો કોઇનો'ય મળે.. પણ ખોળો તો ખલકમાં માત્ર 'મા' નો જ મળે ***- સાંઇરામ દવે***
- સાર (સત્ત્વ) વગરના પદાર્થનો આડંબર ઘણો હોય છે, જેમ કે સોનાનો એટલો રણકાર થતો નથી જેટલો કાંસાનો થાય છે ***- તામિલ કહેવત***
- ક્રોધ અને અહંકાર જો આજે નહીં જીતાય તો આવતીકાલે તેના પર જીત મેળવવી વધુ કઠીન બની જશે ***- મુનિ ભાનુચંદ્રજી***
- દુનિયામાં અકારણે વેરી ઘણાં હોય છે, તમે અકારણ ઉપકારી બનજો ***- રામદેવ***
- દ્રૌપદીના એકવચને 'મહાભારત'નું સર્જન, મંથરાનાં એકવચને 'રામાયણ'નું સર્જન ***- ભાણદેવ***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

બાળકનો ચહેરો, બાંધો પિતાની આવૃત્તિ જેવો હોઇ શકે પણ બાળકના સંસ્કાર તો માતાનાં ગર્ભમાં નવ માસ સુધી રહેવાથી અને જન્મ પછી સતત માના સાંનિધ્ય અને ધાવણ દ્વારા બાળકને મળતાં જ રહે છે. ત્યાગી સંત ગોપીચંદે પણ કબૂલ કર્યું છે કે 'મારા ત્યાગ અને વૈરાગ્યનું મૂળ મારી મા મેનાવતીએ આપેલા સંસ્કારમાં જ છે.' સ્વામી દયાનંદ સરસ્વતી એ પણ કહ્યું છે. આપણો ધર્મ પુત્રથી નહિ પણ પુત્રીઓથી ટક્યો છે.'

રામકૃષ્ણ પરમહંસના માતાજી પણ પાછલી વયે દક્ષિણેશ્વરના કાલીઘાટ નામના ગંગાજીને કાંઠે રહેતાં હતા. બે ટાઇમ ગંગાસ્થાન અને મહાકાલીનો પ્રસાદ લઇ દિવસો સ્વર્ગીય આનંદમાં જતા હતા.

પરમહંસના પરમ ભક્ત રાણી રાસમણિ એકવાર માતાજીને મળવા તેમના કુટિરમાં ગયાં. ખૂબ જ સાદગીથી લદાયેલી કુટિર જોઇ રાણીજીને થયું માતાજી પાસે બે થાળી વાટકા અને બે જોડી કપડાં સિવાય કંઇ જ નથી. ત્યારે તેમણે વાતવાતમાં શી મદદની જરૂર છે એમ પૂછી લીધું. માતાજી કહે, ના રે, મને કંઇ જ જરૂર નથી. બે ટાઇમ ગંગા સ્નાન અને મંદિરનો પ્રસાદનું ભોજન મળે છે પછી મારે શેની જરૂર હોય?

રાણીએ ખૂબ જ આગ્રહ કર્યો. ના, કંઇક તો કહો હું તમને શી મદદ કરૂં? રકઝક અંતે માતાજીએ કહ્યું, સારૂં તો પછી પાંચ પૈસાનો ગોળ લાવી આપો. હું મારા તરફથી ઘરની પૂજામાં ભોગ ધરાવીશ!

રાસમણિજીએ મનમાં કહ્યું આવા નિઃસ્પૃહ માનું સંતાન જ 'પરમહંસ' થઇ શકે..

Email - sureshchandrabhatt18@gmail.com

# જેની સાથે આપણે ઘણું બધું આઉટ-ગ્રો કરતા જઈએ છીએ, ઘણું બધું આપણી સિસ્ટમાંથી બહાર થતું જાય છે અને નવું ઉમેરાતું જાય છે, ભલે, પણ જે પાછળ છૂટી ગયું છે, તે આપણા જ વ્યક્તિત્વનો એક ભાગ હોય છે

## જિંદગી કે સફર મેં ફલક

- શિશિર રામાવત



બાર-તેર વર્ષનો એક છોકરો વેકેશનમાં મમ્મી-પપ્પા સાથે કાકાના ઘરે આવ્યો છે. કાકાની છ સાત વર્ષની દીકરી કાર્ટન ચેનલ્સ અને કોઇમક્સની અઠંગ બંધાણી છે. પેલા નવા નવા ટીનેજર બની રહેલાં છોકરાને આ જોઇને બહુ જ રમૂજ થાય છે. 'આવું બધું શું જોઇનું ને વાંચવાનું...' હવામાં ક્રિકેટનું બેટ વિંઝતા એ બોલે છે, 'હાઉ ચાઇલ્ડિશ!' છોકરાની મમ્મી હસે છે - 'કેમ, તું પણ આ જ બધા કાર્ટૂન્સ પાછળ ગાંડો હતો, ભૂલો ગયો?' છોકરો જવાબ આપે છે, 'મને યાદ છે મોમ, બટ આઇ હેવ આઉટ ગ્રોન ઓલ ધિસ...'

આઉટ-ગ્રો થઇ જવું એટલે પાછળ છોડી દેવું. અતિક્રમી જવું, પરિઘની બહાર આવી જવું. ઉંમર બદલાય, 'મેચ્યોરિટી'નો સ્તર બદલાય, પરિસ્થિતિમાં બદલાવ અને તે સાથે આપણી રસરૂચિ - પસંદગી - દૃષ્ટિકોણ પણ બદલાય છે. આપણે ઘણું બધું આઉટ-ગ્રો કરતા જઇએ. ઘણું બધું આપણી સિસ્ટમમાં બહાર થતું જાય અને નવું ઉમેરાયું જાય. એક સમયે રંગબેરંગી 'ચંપક' મેગેઝીન અને 'ફુલવાડી' ટેબ્લોઇડ જીવ જેટલા વહાલાં હતાં, પણ પછી એને આઉટ-ગ્રો કરી ગયાં અને જુલે વર્નની સાહસકથાઓ આવી ગઇ. જુલે વર્ષ ગયા કે હરકિસન મહેતા અને અશ્વિની ભટ્ટ આવ્યા, ચંદ્રકાન્ત બક્ષી અને મધુ રાય આવ્યા, અંગ્રેજી વાંચતા થયા એટલે અમેરિકામાં સ્થાયી થયેલા રશિયન લેખિયા આયન રેન્ડ અને સાઉથ અમેરિકન નોબલ પ્રાઇઝવિનય ગેબ્રિયલ ગાર્શિયા માર્ક્વેઝ આવ્યાં...

વર્ષો પહેલાં વાંચેલા પુસ્તકને ફરી હાથમાં લો ત્યારે કેવી લાગણી જાગે? સૌરભ શાહે અમેરિકન લેખક હ્યુ પ્રાધરની બેસ્ટસેલર 'નોટ્સ યુ માયસેલ્ફ : માય સ્ટ્રગલ ટુ બિકમ અ પર્સન' વિશે એક સુંદર લેખ લખેલો. પછી એ આખું પુસ્તક વંચાયું. પંદરેક વર્ષ પછી એ ફરી હાથમાં આવ્યું ત્યારે ચકાસવાનું આ હતું : લેખકની વિચારકણિકાઓ વાંચતી વખતે જે સ્પંદનો જાગે છે એમા કયાં કેવા ફરક વર્તાય છે? ફરક વર્તાયો એનો અર્થ હું બદલાયો છું અને ફરક ન વર્તાય એટલે હું એવો ને એવો જ છું, એમ? જવાબમાં હ્યુ પ્રાધરની જ વાત સાંભળવા જેવી છે :

'જેવું મને લાગે છે કે કેવી રીતે જીવવું તે હવે મને આવડી ગયું છે કે તે જ વખતે જીવન પલટાઇ જાય અને હું પાછો હતો એવો ને એવો થઇ જાઉં. પરિસ્થિતિઓ જેટલી વધારે બદલે એટલો હું વધારે એવો ને એવો રહું. શરૂઆત થઇ ત્યારે હું, હું હતો અને જયારે અંત આવશે, ત્યારે મારામાંથી જે કંઇ બચ્યું હશે તે હોઇશ.'

ભવિષ્યનો નકશો હોવો તે સારી વાત છે, પણ નકશા પ્રમાણે જીવન જીવાય તો ય શું ને ન જીવાય તો શું, કારણ કે -

'હું કંઇ પ્રયોગસાળામાં જીવતો નથી. હું જે રીતે વર્તુ છું તેનાં કેવા પરિણામો આવશે તે જાણવાનો મારી પાસે એક પણ રસ્તો નથી. પરિણામ માટે જીવવું એ તો પોતાની જાતને એક કદીય ખતમ ન થનારા ફ્રસ્ટ્રેશનમાં ઝીંકી દેવા જેવું છે. મારું એકમાત્ર ઇનામ મારૂં કામ પોતે છે, એના થકી જે કંઇ થવાનું છે તે નહીં.'

અને -

'પરિણામોની આગાહી થઇ શકે તેમ નથી એટલે મારો એક પણ પ્રયત્ન નિષ્ફળતાને વરવાનો નથી. ધારો કે નિષ્ફળતા મળે તો પણ એનું સ્વરૂપ મેં કલ્પ્યુ હશે એવું નહીં હોય. ચિંતા કરવા કરતાં 'ચાલો, જે કંઇ થશે તે જોવાની મજા આવશે.'' એ ભવિષ્યની ઘટનાઓ માટેનો વધારે વાસ્તવિક અભિગમ થયો.'

પરફેક્શન એટલે? હ્યુ પ્રાધરની વાત ચમકાવી દે તેવી છે :

'પરેફેક્શન તો ધીમું મોત છે. જો બધું મેં ધાર્યું હોય એમ કે મારા આયોજન મુજબ જ બન્યા કરે તો મને કશું નવું નહીં લાગે. હું ભૂલ કરું તો જ મને કોઇ અનપેક્ષિત અનુભવ થશે.'

ધ્યેયનિષ્ઠા અને જાત પ્રત્યે નિષ્ઠા - આ બંનેમાં કોણ ચડિયાતું? ખુદ પ્રત્યે પ્રામાણિક હોવું બહેતર છે, કેમ કે -

'હું જયારે પ્રામાણિક હોઉં છું ત્યારે કયારેક એવું નથી લાગતું કે હું બેવકૂફ છું... અને જયારે હું પ્રામાણિક હોઉં છું ત્યારે આપોઆપ નમ્ર બની જાઉં છું.'

ખુદને માફી આપવી તે કયારેક બીજાઓને ક્ષમા આપવા કરતાં વધારે કઠિન બની જતું હોય છે. વાતવાતમાં પોતાની જાતને લબડધક્કે લેનારાઓએ કહ્યું હ્યુ પ્રાધરની આ વાત ખાસ સાંભળવા જેવી છે :

'હું ભૂલને કયારેક એ રીતે રિકએક્ટ કરૂં છું જાણે મેં મારી જાતનો દ્રોહ ન કરી નાખ્યો હોય! એનું કારણ એ છે કે મેં એવું જ માની લીધું હોય કે હું તો પરફેક્ટ જ છું અને મારી નિષ્ફળ જવાનો વારો કયારેય આવશે જ નહીં... પણ ભૂલો થાય છે. વાસ્તવમાં હું મારી ભૂલોને ધ્યાન લઇને સાંભળું છું, ત્યારે વધારે વિકસું છું.'

એક સમયે જેની સાથે તીવ્રતાથી જોડાયા હતા એવી વ્યક્તિને પણ આપણા આઉટ-ગ્રો કરી જતો હોય છે. પ્રેમ વિશેની આપણી વિભાવનાઓ બદલાતી રહેતી હોય છે. આ વાતનું ઉદાહરણ 'નોટ્સ ટુ માયસેલ્ફ'માં જ મોજૂદ છે. પુસ્તકમાં એક જગ્યાએ હ્યુ પ્રેધર લખે છે :

'હું પ્રેમ કેવી રીતે મેળવી શકું? પ્રેમ મારામાં પહેલેથી ભરેલો જ છે. સૌથી પહેલાં તો મારે પ્રેમની વ્યાખ્યાઓને ખંખેરી નાખવી પડશે. પ્રેમને ઝંખો નહીં, પ્રેમ બનો... હું પ્રેમ કરતો હોઉં એ સ્થિતિને હું ચાહું છું. જયારે હું પ્રમ કરતો હોઉં છું ત્યારે હું, હું હોઉં છું. કેટલી સાદી વાત છે. આખી જિંદગી હું નાટકનો એનો કોમ્પ્લિકેટેડ બનાવતો રહ્યો.'

'નોટ્સ ટુ માયસેલ્ફ' પુસ્તક છુટીછવાઇ ડાયરીના પાના રૂપે લખાયુ હતું. બે-અઢી વર્ષનાં સંઘર્ષ પછી તે આખરે ૧૯૭૦માં જયારે છપાવા ગયું ત્યારે હ્યુ પ્રાધરને પોતાના જ લખાણોમાં મર્યાદાઓ દેખાવા માંડી. પુસ્તકમાં અંતમાં વાચકને ઉદ્દેશીને એમણે સામા છેડાની વાત કહી :

'હું હવે હું છાતી ઠોકીને કહી શકતો નથી કે જેને આપણે પ્રેમ કહીએ છીએ તે જગતની સૌથી મહાન બાબત છે. મને એ વાતનીય ખાતરી નથી કે પ્રેમની લાગણી માટે ક્રોધ કે અન્ય કોઇ પણ લાગણી કરતાં શી રીતે બહેતર છે. બીજાઓના ગુસ્સાએ મને અનેક અમૂલ્ય પાઠ શીખવ્યા છે, હું એનો ભોગ બન્યો હોઉં તો પણ. ધારો કે એ ઘટનાઓ પાછી બનવાની હોય તો શું જે તે વ્યક્તિના ક્રોધનો ભોગ બનવાને બદલે એના પ્રેમને પાત્ર બનવાનું હું પસંદ કરૂં? ના.'

હ્યુ પ્રાધર તો વાચકોને ત્યાં સુધી કહે છે કે, 'જો હું મારી લાગણીઓની કદર કરૂં, તે જેવી છે એવી સ્વીકારૂં અને તેને મારા વ્યક્તિત્વમાં આવેલા બદલાવના ઇન્ડિકેટર તરીકે જોઉં તો તો મારે આ આખી ચોપડી નવેસરથી લખવી પડે!'

વિચાર હોય, વસ્તુ હોય કે વ્યક્તિ હોય... જીવનના વહેણમાં એ સાહજિક રીતે પાછળ છુટી જાય તો ભલે એમ, કાર્ટૂન ચેનલ પર હસતા પેલા ટીનેજ છોકરાની જેમ એની હાંસી ન ઉડાવીએ. જિંદગીના કોઇ એક તબક્કે એ જ વિચાર, વસ્તુ કે વ્યક્તિ આપણો અભિન્ન હિસ્સો હતાં - તે હકીકતને આદર આપો.

# ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ મુજબ સમલૈંગિક સંબંધો સજાપાત્ર ગુનો બને છે : સુપ્રિમ કોર્ટ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

**સામાન્ય લોકો સમલીંગીક સંબંધોને સ્વીકારી શકતા નથી, આવા સંબંધ ધરાવતી વ્યકિતને હિનભાવથી જોવામાં આવે છે**

દેશમાં સજાતીય સંબંધોને ગુના ગણવાના પોતાના ચુકાદાની સમીક્ષા કરવાનો નામદાર સુપ્રિમ કોર્ટે ઇન્કાર કરેલ છે. આને કારણે સમાજ વ્યવસ્થા છિન્નભિન્ન કરતા લેસ્બિયન સંબંધો તથા ગે સંબંધોને કાયદા દ્વારા માન્યતા આપવાનો ઇન્કાર સુપ્રિમ કોર્ટે કરી આકરી ટીકા કરેલ છે. હિન્દુ સંસ્કાર અને સંસ્કૃતિથી વિપરીત સંબંધોને સમાજમાં અપરાધ ગણવામાં આવ્યો છે. આવા સમલૈંગિક સંબંધોને કાયદા દ્વારા માન્યતા ના મળી શકે. સજાતીય સંબંધને આજીવન કારાવાસની સજાને પાત્ર ગુનો ગણવાના પોતાના ૨૦૧૩ના ચુકાદાની સમીક્ષા કરવાનો કોઇ જ પ્રશ્ન જ ઉપસ્થિત નથી તેમ જણાવી શ્યામ બેનેગલ અને કેન્દ્ર સરકારની તેમજ અન્યની રીવ્યુ પીટીશન સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે. હવે અરજદારો પાસે ફક્ત ક્યુરેટીવ પિટીશન કરવાનાં જ એકમાત્ર વિકલ્પ બચેલ છે. ગે હોવું એ ગુનો નથી પણ કોઇ સમલૈંગિક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવું એ ગુનો છે. હવે માત્ર સંસદ જ ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ માં સુધારા કરી શકવતાની સત્તા ધરાવે છે.

ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ હેઠળ સમલૈંગિક સંબંધોનો સજાપાત્ર ગુનો ગણવામાં આવ્યો છે. આવા ગુના માટે ૧૦ વર્ષ કે તેથી વધારે સજા તેમજ આજીવન કેદ સુધીની સજાની કાયદામાં જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં સૃષ્ટિ વિરૂદ્ધના કોઇ પણ વ્યક્તિનાં કાર્યને ક્રિમીનલ ગુનો ગણવામાં આવ્યો છે.




કોઇ પણ વ્યક્તિ અન્ય પુરૂષ કે મહિલા સાથે કે પ્રાણી સાથે આવા સંબંધો બાંધે તો તે સજાને પાત્ર હતા આમાં ગે સંબંધો અને લેસ્બિયન સંબંધોને પણ ઉમેરવામાં આવ્યા છે.

સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત ચુકાદાથી ૧૧ ડિસેમ્બરના દિલ્હી હાઇકોર્ટનાં સજાતિય સંબંધોને ગુનો નહિ ગણાવતા ચુકાદાને પણ ફગાવી રદ્દ બાતલ જાહેર કરેલ છે. આ મુદ્દે કાયદામાં સુધારો હવે માત્ર સંસદ દ્વારા જ થઇ શકે. દિલ્હી હાઇકોર્ટે ૨ જુલાઇ, ૨૦૦૯ ના રોજ સજાતીય સંબંધોને સજાને પાત્ર ગુનો નહિં ગણવો ચુકાદો આપવામાં આવ્યો હતો જે ચુકાદાને સુપ્રિમ કોર્ટે ફગાવી જણાવ્યું છે કે ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ કે જેમાં સેક્સને લગતાં ગુનાની જોગવાઇ કરવામાં આવી છે અને તેને ગેરબંધારણીય ગણી શકાય નહિં આથી દિલ્હી હાઇકોર્ટનો ચુકાદો ટકી શકે નહિ.

દેશમાં ગે અને લેસ્બિયન સંબંધો રાખનારા લોકો જયારે તેમના અધિકારો માટે લડી રહ્યા છે ત્યારે સજાતીય સંબંધોને ગુનો ગણવામાં આવતા તેમની લડતને મોટો ફટકો પડ્યો છે. હવે દેશની સંસદ જ તેમની મદદ કરી શકે છે.

સુપ્રિમ કોર્ટના ચુકાદાથી દેખાવો થતા કેન્દ્ર સરકાર દ્વારા રિવ્યુ પિટીશન કરવામાં આવી હતી. એન.જી.ઓ. નાઝ ફાઉન્ડેશન તથા અન્ય સંસ્થાઓ દ્વારા સુપ્રિમના આ ચુકાદા સામે સ્ટે માંગવામાં આવ્યો હતો તેમાં જણાવેલ કે સુપ્રિમના આ ચુકાદા પછી છેલ્લા ચાર વર્ષમાં ગે તથા લેસ્બિયન સંબંધો રાખનારની ઓળખ સમાજમાં જાહેર થઇ છે આથી હવે સુપ્રિમ કોર્ટના આ ચુકાદાથી તેમની સામે સજાનો ખતરો તોળાઇ રહ્યો છે તેમજ તેમના મૂળભૂત અધિકારો છિનવાઇ રહ્યા છે. સુપ્રિમ કોર્ટે જણાવેલ કે કાયદાથી પ્રતિબંધીત તથા મૂળથી અમાનવીય અન્યાયી તેમજ કાયદાથી પર સંબંધોને કાયદા દ્વારા માન્યતા આપી શકાય નહિ.

ગે અને લેસ્બિયન સંબંધને સ્વીકારવા એ સમાજ વ્યવસ્થાને અવ્યવસ્થામાં ફેરવે છે તથા સામાજીક દૃષ્ટિકોમથી પણ વ્યાજબી નથી સમાજમાં આવા સંબંધોને ઝડપથી સરળથાથી આમ લોકો સ્વીકારી શકતા નથી. આવા સંબંધો ધરાવતા કુટુંબના વ્યક્તિઓને લાંછનરૂપ ગણવામાં આવે છે તથા આવા કૃત્યને સમાજમાં હિનભાવનાથી જોવામાં આવે છે. ભારતમાં પશ્ચિમી સંસ્કૃતિ કે અન્ય સંસ્કૃતિ કે સમાજમાં ધર્મમાં આવા સંબંધોને વર્જય ગણવામાં આવ્યા છે ત્યારે કલમ ૩૭૭ માં આવો કોઇ જ સુધારો કરી શકાય નહિ. કાયદામાં સુધારો કરવાનો હક્ક, અધિકાર માત્ર સંસદને જ છે. સંસદ બહુમતીથી આવો ખરડો પસાર કરી કાયદાનું સ્વરૂપ આપી શકે છે પરંતુ હાલના સંજોગો જોતા આવો ખરડો પસાર કરી વિવાદાસ્પદ નિર્ણય લેવા કોઇ જ સરકાર તૈયાર થશે નહિ.

# 'સાચ કો આંજ નહીં' એ ઉક્તિ પર ભરોસો ન બેસે તો એવા દૂષિત વાતાવરણથી ઘેરાયેલા સત્યપ્રિય માણસને પોતાનો રથ એકાદ વેંત નીચો ન ઉતરી જાય તે માટે, મૂલ્યોના ભોગે સમાધાન ન કરવા માટે પોતાની જાત સાથે લડવું પડે છે

## છેતરવું એટલે જ છેતરાવું!

## અક્ષયપાત્ર

- બકુલ દવે

**સચ્ચાઇ પરથી શ્રદ્ધા ડગી જાય એવા કડવા અનુભવો મૂલ્યનિષ્ઠ વ્યક્તિને વારંવાર થતા રહે એવો યુગ ચાલી રહ્યો છે**

**It is batter to suffer wrong than to do it, and happier to be sometimes cheates than not to trust.**
**- samual johnson**

(ખોટું કરવા કરતાં તેને વેઠી લેવું વધુ સારૂં છે, ને ભરોસો ન કરવો તે કરતાં છેતરાઇ જવું સુખદ હોય છે.)

અંગ્રેજી ભાષામાં કવિ, વિવેચક અને અંગ્રેજી શબ્દકોષ માટે કામ કરનાર સેમ્યુઅલ જહોનસનના આ વિધાનમાં નિષ્ઠાવાન અને મૂલ્યવાન વ્યક્તિની મનઃસ્થિતિનો પડઘો સંભળાય છે.

'સાચ કો આંજ નહીં' એ ઉક્તિ પર ભરોસો ન બેસે તો એવા દૂષિત વાતાવરણથી ઘેરાયેલા સત્યપ્રિય માણસને પોતાનો રથ એકાદ વેંત નીચો ન ઉતરી જાય તે માટે, મૂલ્યોના ભોગે સમાધાન ન કરવા માટે પોતાની જાત સાથે લડવું પડે છે.

આપણી વિડંબના એ કે સાચો અને મૂલ્યનિષ્ઠ માણસ સાવ હાંસિયામાં ધકેલાઇ જાય એવા પ્રપંચો ચોમેર ચાલી રહ્યા છે. ભ્રષ્ટ અને જુઠ્ઠા લોકોની ભીડ વચ્ચે સત્યને ચાહનાર માણસ ખોવાઇ ગયો છે. સચ્ચાઇ પરથી શ્રદ્ધા ડગી જાય એવા કડવા અનુભવો મૂલ્યનિષ્ઠ વ્યક્તિને વારંવાર થતા રહે એવો યુગ ચાલી રહ્યો છે. ભ્રષ્ટાચારના મજબૂત - રાક્ષસી હાથો વડે ભરોસાનું ગળું ઘોંટી દેવાતું હોય એવા અનેક કિસ્સા એ નિઃસહાય થઇ જોયા કરે છે. કોઇના વિશ્વાસની હત્યા થતી હોય છે ત્યારે જે સત્યનું સમર્થન કરે છે એને એમાં લોહી દેખાય છે. એ મરણચીસો પણ સંભળાય છે. ધારે તો એ ટોળામાં ભળી જઇ પોતાને બચાવી શકે પણ એ એને કયારેય કબૂલ હોતું નથી. કોઇને છેતરી પોતાને ફાયદો થાય એવું ગણિત એને ફાવતું નથી, આવડતું પણ નથી.

હકીકત એ છે કોઇને નુકસાન કરી કોઇ ફાયદામાં રહી શકતું નથી. પ્રથમ દૃષ્ટિએ એ ફાયદાકારક જણાય તો પણ સરવાળે એ નુકશાનકારક જ બની રહેતું હોય છે, કારણ કે છેતરીને ફાયદો મેળવવા હવાતિયાં મારતો માણસ વાસ્તવમાં પોતાની જાતને જ છેતરતો હોય છે. આત્મવિશ્વાસ ન હોય એ પોતાની સલામતીને લઇને ભયભીત રહે છે. આત્મવિશ્વાસ ન હોય તે નાસ્તિક પણ હોય છે, નિયમિત મંદિરમાં જતો હોય તો પણ. આવી વ્યક્તિ પોતાના 'ફાયદા' માટે બીજાને નુકશાન કરતાં, વિશ્વાસઘાત કરતા સહેજ પણ અચકાતી નથી. સતત ભ્રષ્ટ આચરણ કરતાં એ ધીમે ધીમે મરતી જાય છે. એનામાં માણસાઇનો હ્રાસ થતો જાય છે. જીવતી લાશ બની જાય છે એ. બીજું કોઇ નહીં તો એ પોતે તો જાણે જ છે કે છેતરપિંડી કરે છે. પોતાની જાત સામે એ પોતે નીચો ઉતરી જતો જણાય એવી ક્ષણો એના જીવનમાં અચૂક આવે જ છે.

વર્ષો પહેલાં ગુજરાત વિદ્યાપીઠની વાચનમાળાની ત્રીજી ચોપડીમાં એક વાર્તા ભણવામાં આવતી હતી તે આડે પણ કયારેક યાદ આવે છે. નાના ભીખુને એના પિતા કોઇ જુએ નહીં એવા સમયે કેરીઓ ચોરવા માટે એક જણના આંબાવાડિયામાં લઇ જાય છે. પિતા આંબા પર ચડે છે ને ભીખુને કોઇ આવતું કે જોતું હોય એવું જણાય તો ચેતવવા માટે ઝાડ નીચે ઊભો રહેવા માટે કહે છે. આંબા પર ચડ્યા પછી થોડી વારે પિતા પૂછે છે, 'કોઇ જોતું નથી ને?'

'હાં, જુએ છે...' પિતા ઝાડ પરથી નીચે ઉતરી જાય છે. આસપાસ જોઇ પુછે છે : 'અહિં તો કોઇ નથી. કોણ જુએ છે?' 'બાપુ, ભગવાન બધું જુએ છે...' ભીખું જવાબ આપે છે. એણે કોઇ પાસેથી સાંભળ્યું હતું કે માણસ જે કૈં સારૂં-નરસું કરે છે તે બધું જ ભગવાન જોતો હોય છે. ભીખુના શબ્દો એના પિતાને મર્મસ્થાન પર ચોટ કરી જાય છે. બધી જ કેરીઓ ત્યાં જ રહેવા દઇ બંને ચૂપચાપ ચાલ્યા જાય છે.